**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૬ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૩ ટકા

# ગૌરમાને પાંચે આંગળીએ પૂજયા


અનમોલ દવે


સૃષ્ટિ મકવાણા


નંદિની ભાવસાર

**ગૌરી વ્રત કરવા વિશે શહેરની બાળાઓની માન્યતા**


નૃત્યા પઢિયાર


વૈશ્વિ પટેલ


જશ્મીતા સોનીરાજી


વૈશ્વનવી શુકલ

ગાંધીનગર, તા.૧૪ ગૌરી વ્રત ચાલી રહ્યા છે ત્યારે શહેરની બાળાઓ જેઓ ગૌરી વ્રત કયા કારણોસર કરે છે તેઓના અભિપ્રાય લેવામાં આવ્યા હતા. બાળાઓ માતાના કહેવાથી જ ગૌરી વ્રત કરે છે અને તેમને આ દિવસો દરમિયાન તૈયાર થવું અને મહેંદી મુકવું વધુ ગમે છે.

**● અનમોલ દવે**
મારી મમ્મીએ કહ્યું છે કે મોટા થઈને સારો વર મળે એ માટે પાંચ દિવસ ઉપવાસ કરવાના. મને ઉપવાસ કરવાની સાથે તૈયાર થવાની મજા આવે છે.

**● સૃષ્ટિ મકવાણા**
વર્ષમાં એક વખત પાંચ દિવસ મોળું ખાવાથી હેલ્થ સારી રહે છે. હું તો પાંચ દિવસ ગોરો છે એવું યાદ રહે એટલે ચણિયા ચોળી પહેરતી હતી.

**● નંદિની ભાવસાર**
મેં દાદી પાસેથી સ્ટોરી જાણી હતી શિવજી અને પાર્વતીજીની એટલે મને પાંચ દિવસ ઉપવાસ કરવા ગમે છે.

**● નૃત્યા પઢિયાર**
મારી મમ્મીએ કહ્યું છે કે પાર્વતી માતા અને શંકર ભગવાનની પૂજા કરવા માટે ગોરો કરવાની અને મને તો મહેંદી મુકી નવા નવા કપડાં પહેરવા તેમજ સૂકા મેવા ખાવા ખુબ જ ગમે છે એટલે હું ગોરો કરું છું.

**● વૈશ્વિ પટેલ**
મારી મમ્મીએ કહ્યું છે ગોરો કરવાની એટલે હું ગોરો કરું છું.

**● જશ્મીતા સોનીરાજી**
મમ્મી કહે છે કે પાંચ દિવસ ભગવાનની મનથી પૂજા કરવાની અને મને તો ઉપવાસ કરવા ગમે છે.

**● વૈશ્વનવી શુકલ**
પાંચ દિવસ ગોરો કરીને મને તો મજા કરવા મળે છે હું એટલે જ ઉપવાસ કરું છું.

## રામાયણનું દરેક પાત્ર એક 'કોન્સેપ્ટ' છે : પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા.

### પરફેકિટંગ યુથ સેશન અંતર્ગત જૈનાચાર્યનું પ્રવચન સાંભળવા બે હજાર જેટલાં શ્રોતાઓ ઉમટી પડયા





ગાંધીનગર, તા.૧૪ 'રામાયણ એક વૈશ્વિક ગ્રંથ છે અને તે દુનિયાની અનેક ભાષાઓમાં રચાયો છે દુનિયાભરમાં જેની કથા પ્રસરી છે તેવા રામાયણનું દરેક પાત્ર એ એક કોન્સેપ્ટ છે જે કોઈને કોઈ આદર્શ પુરો પાડે છે.' આજે સે-૨૨માં જૈન દેરાસર ખાતે ચાતુર્માસે પધારેલા પૂ. ઉદયવલ્લભસૂરિ મસા.એ તેમના પરફેકિટંગ યુથ સેશન-પીવાયએસ શ્રેણી અંતર્ગત કરેલા વકતવ્યમાં જણાવ્યું હતું. જૈનાચાર્યને સાંભળવા શહેરના જૈન જૈનેતર શ્રોતાઓ જેમાં યુવાનોની નોંધપાત્ર સંખ્યા હતી તેઓ ઉમટી પડયા હતા.

પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા.એ જણાવ્યું હતું કે 'રામાયણનું સર્જન લાલચમાંથી થયું હતું, દશરથને લાલચ હતી કે રામ રાજા બને, કૈકેયીને લાલચ હતી કે ભરતને ગાદી મળે, સીતાને લાલચ હતી કે સ્વર્ણમૃગ મળે તો રાવણને લાલચ હતી કે સીતા મળે, આમ આખી રામાયણ લાલચને કારણે સર્જાઈ, જો કે રામાયણ કુટુંબ ભાવના, કૃતજ્ઞતા, વિનય, ભાઈચારાના આદર્શોથી શોભે છે.' આ સાથે પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા.એ રામાયણમાંથી પ્રાપ્ત થતાં નાગરિક સંદેશ અંગે રસપ્રદ વાતો અલગ જ અભિગમથી કરી હતી જેને સાંભળવા આશર બે હજાર જેટલા યુવા શ્રોતાઓ ત્રણ કલાક સુધી બેઠા હતા.

## સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ માટે ૨૫મી જુલાઈએ સિલેકશન ટ્રાયલ

ગુજરાત રાજયની રાજયકક્ષાની ૬૧મી સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૯ આગામી તા. ૩જી અને ૪થી ઓગષ્ટ ૨૦૧૯ના રોજ અમદાવાદના થલતેજ ખાતેની એકલવ્ય સ્પોર્ટસ એકેડેમીના સ્વિમિંગ પુલ ખાતે યોજાનાર છે. આ ચેમ્પિયનશીપ માટે ગાંધીનગર ડિસ્ટ્રીકટ સ્વિમિંગ એસોસીએશન દ્વારા જિલ્લાના ખેલાડીઓની સિલેકશન ટ્રાયલનું તા. ૨૫મી જુલાઈ ગુરૂવારના રોજ આયોજન કરવામાં આવ્યું છે. જે ખેલાડીઓ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છે છે તેમણે તા. ૨૨મી જુલાઈ પહેલા ડિસ્ટ્રિકટ સ્વિમિંગ એસોસિએશનના સેક્રેટરી ગુરૂબક્ષસીંગ આનંદનો મો.નં. ૯૭૨૪૧૭૮૩૫૬ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારીયાદીમાં જણાવ્યું છે.

## પેથાપુરમાં નાગરીકો દ્વારા પાણીનો વેડફાટ

ગાંધીનગર, તા.૧૪ ભર ચોમાસામાં ઉનાળા જેવો માહોલ જોવા મળે છે. વરસાદ ખેંચાયો છે, કાળા ડિંબાગ વાદળો વરસવાનું નામ લેતા નથી. પાણીના જળાશયોના તળીયા દેખાવા લાગ્યા છે. પાણીની અછત ઉભી થાય તેવી પરિસ્થિતિ સર્જાય તેમ છે.ત્યારે ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુરના ગ્રામજનો દ્વારા પાણીનો બગાડ કરવામાં આવે છે. પાણીના નળ સતત ચાલુ રાખતા પાણી ગામની શેરીઓમાં થઈ મુખ્ય માર્ગો સુધી પહોંચી જાય છે. પાણીના ખાબોચીયાને પગલે ગામમાં ગંદકી થતી જોવા મળે છે. ગામના માર્ગો ગંદકીથી ખદબદતા હોય છે. વરસાદ ન હોવા છતા વરસાદી માહોલ સર્જાયો હોય છે. માર્ગ પર ગ્રામજનો પાણીનો બેરોકટોક ઉપયોગ કરીને ગંદકી ઉભી કરી રહ્યા છે. નગરપાલિકા તંત્ર દ્વારા પણ પાણીના બગાડને લઈ કોઈ ચકાસણી હાથ ધરવામાં આવી નથી. સવારના સમયે તંત્ર દ્વારા ચકાસણી કરવામાં આવે તો પાણીનો બગાડ અટકી શકે તેમ છે. જયારે રાજયના કેટલાક ગામડાઓમાં દુર દુર સુધી પાણી લેવા માટે જવુ પડે છે. કેટલાક ગામોમાં પાણીની ગંભીર કટોકટી સર્જાઈ છે. કોઈ પણ કામનું નિરાકરણ લાવવામાં આવતુ નથી, તંત્ર માત્ર વાર્તાઓ જ કરે છે. કોઈપણ પ્રશ્ન તંત્ર દ્વારા ગંભીરતા પૂર્વક લેવામાં આવતો નથી. જો પેથાપુર નગરપાલિકા તંત્રા કર્મચારીઓ-અધિકારીઓ પાણીના બગાડ અટકાવવા માટે કોઈ નક્કર કાર્યવાહી કરે તેવી માંગ ગ્રામજનોમાં ઉઠવા પામી છે.

## અડાલજ ટોલટેક્ષ પાસે યુવકને છરી બતાવી લુંટી લેવાયો

ગાંધીનગર નજીક અડાલજ ટોલટેક્ષ પાસે મહેસાણા તરફ જવાના માર્ગ પર હોન્ડા ડીલક્ષ બાઈક લઈને પસાર થતા એક યુવકને અંધારામાં એકટીવા લઈને ઉભા રહેલા યુવકે છરી બતાવી મારી નાંખવાની ધમકી આપી વીવી કંપનીનો મોબાઈલ ફોન કિં.રૂ.૧૫,૦૦૦ તેમજ અડધા તોલાની સોનાની વીંટી કિ.રૂ.૧૫૦૦૦ તેમજ આધારકાર્ડ અને ચુંટણી કાર્ડ સહિતના ડોક્યુમેન્ટની લુંટ કરી ફરાર થઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

બનાવની મળતી વિગત મુજબ ધવલકુમાર રાજુભાઈ જોષી (ઉં.વ.-૨૪) (રહે.બેદાણા તા. બેચરાજી, જી મહેસાણા) ગત તા. ૪-૬-૧૯ ને સવા અગીયાર વાગ્યાના અરસામાં પોતાનું હોન્ડા ડીલક્ષ બાઈક લઈને અમદાવાદ-મહેસાણા માર્ગ પર જઈ રહ્યા હતા.ત્યારે અડાલજ ટોલટેક્ષ થી આગળ હાઈ વે પર એકટીવા પર રહેલા એક શખ્સે બાઈક ઉભુ રખાવ્યું હતું. બાઈક ચાલક યુવાન કંઈ સમજે તે પહેલા જ એકટીવા ચાલકે પોતાની પાસે રહેલી છરી કાઢીને ધાકધમકી આપી યુવક પાસે રહેલો વીવો કંપનીનો મોબાઈલ ફોન તેમજ સોનાની અડધા તોલાની વીટીંની સહિત જરુરીયાત કાગળો સહિતની લુંટ ચલાવી આરોપી અંધારામાં ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## સિસિકા દ્વારા ગૌરી વ્રત નિમિત્તે સૂકામેવાનું વિતરણ કરાયું

સિનીયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર મહિલા પાંખ દ્વારા ગૌરી વ્રત નિમિત્તે સે-૨૦ અને વાવોલ પ્રાથમિક શાળાની કુલ ૧૪૦ બાળાઓને સુકા મેવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે હેરબેન્ડ, હેરપીન, હાથરૂમાલ અને મહેંદીન કોન, લીલી ખારેક અને કેળાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર પ્રવૃત્તિનું આયોજન મહિલા કન્વીનર દામિનીબેન લાખીઆના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું. સાથે મહિલા પાંખની ૧૫ બહેનોએ ઉપસ્થિત રહી પૂરતો સહયોગ પૂરો પાડયો હતો.




# મને ઘણાં કાંટા મળ્યા હતા પરંતુ તેને મેં ફુલ કરીને વાવ્યાં

### ગાંધીનગર જિલ્લાના કલોલના પર્યાવરણ પ્રેમી અહેમદખાન પઠાણની વૃક્ષારોપણ સહિતની પ્રવૃત્તિઓ સરકારની પ્રસંશા પામી છે : ગૌ સેવા અને પક્ષી સેવા કરવા સાથે તેઓ હવે ટ્રી સમિટ યોજી 'ટ્રી એમ્બેસેડર' નિયુકત કરી રહ્યા છે




ગાંધીનગર, તા.૧૪ માનવીએ પોતાના 'વિકાસ' માટે પ્રકૃતિનો વિનાશકારી ઉપયોગ કરે રાખ્યો છે અને જેના કારણે આ પૃથ્વી પર હવે પર્યાવરણ ડહોળાઈ ગયું છે. 'ગ્લોબલ વોર્મિંગ' અને 'કલાઈમેટ ચેન્જ' જેવી મુશ્કેલીઓને નોંતરી ચુકેલો માનવી જાણે સફાળો જાગ્યો છે અને પ્રકૃતિના પ્રકોપથી બચવા અવનવા પ્રયોગો હાથ ધરી રહ્યો છે. આજે વિશ્વભરમાં પર્યાવરણની ચિંતા એ અગત્યનો વિષય બન્યો છે અને ભારતભરમાં હજુ માંડ પુરા થયેલા છેલ્લા ઉનાળાએ પર્યાવરણપ્રેમીઓ જ નહીં પરંતુ સામાન્ય નાગરિકની પણ ઉંઘ ઉડાડી દીધી છે. આજે સૌ કોઈ ચોતરફ વૃક્ષોના વાવેતર અને જતનની વાતો કરવા લાગ્યા છે. એક તરફ સરકારી તંત્ર આંધળા વિકાસની દોટમાં વૃક્ષોનો ખાત્મો બોલાવી રહ્યું છે ત્યારે બીજી તરફ નાગરિકોમાં વૃક્ષારોપણ જેવી પર્યાવરણના જતન લક્ષી પ્રવૃત્તિઓ બાબતે અભૂતપૂર્વ જાગૃતિ જોવા મળી રહી છે. આજે ઠેર ઠેર વૃક્ષારોપણ યોજાઈ રહ્યા છે ત્યારે ગાંધીનગર જિલ્લાના કલોલના પર્યાવરણ પ્રેમી સામાજિક કાર્યકર અહેમદખાન પઠાણ દ્વારા તેમની સંસ્થા 'ગ્રીન પ્લેનેટ' થકી 'ટ્રી સમિટ ૨૦૧૯' યોજી વૃક્ષારોપણ પ્રવૃત્તિમાં નોંધપાત્ર યોગદાન કરનાર પ્રકૃતિ પ્રેમીઓને વિવિધ એવોર્ડથી સન્માનવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

સામાન્ય રીતે બાળપણમાં સ્કૂલમાંથી છુટયાં પછી ભાઈબંધો સાથે રમવા જવાનું જ ગમે પરંતુ અહેમદ પઠાણને શાળાએથી છુટયા પછી ગામની સીમમાં જઈને વૃક્ષો, છોડ, પશુ પંખીઓ વગેરેને જ નિહાળવાનું ગમતું હતું. મહેસાણા તાલુકાના મંડાલી ગામે જન્મેલા અહેમદ પઠાણે ગામમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ વીસનગર ખાતે માધ્યમિક અને કોલેજનું શિક્ષણ મેળવ્યું હતું. બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવી ચુકેલા અહેમદ પઠાણે અંગ્રેજી સાથે એમ.એ. પાસ કર્યું અને તે પછી વડોદરા ખાતે 'ઈકોલોજીસ્ટ'નો ડિગ્રી કોર્સ કર્યો. આ પછી કલોલ ખાતે વર્ષ ૧૯૯૩માં આશીર્વાદ એજયુકેશન ઈન્સ્ટિટયુટના નામથી કોચીંગ કલાસીસ શરૂ કર્યા હતા જે તેમનો મુખ્ય વ્યવસાય રહ્યો છે.









કારકિર્દી થાળે પડતાં જ ૧૯૯૬માં તેમણે પર્યાવરણ વિષયક પ્રવૃત્તિઓ શરૂ કરી દીધી હતી. જેમાં તેઓ કલોલની શાળાના બાળકોથી માંડીને શહેરના પ્રબુધ્ધ વરિષ્ઠ નાગરિકોને જોડી પર્યાવરણ જાગૃતિના કાર્યો કરવા લાગ્યા હતા. વર્ષ ૨૦૦૫માં તેમણે 'ગ્રીન પ્લેનેટ ઈન્ટરનેશનલ' નામની સંસ્થાની સ્થાપના કરી જે અંતર્ગત વૃક્ષારોપણ, પક્ષીઓ માટે માળા અને પાણીના કુંડાનું વિતરણ, બર્ડ ફીડરનું વિતરણ, પર્યાવરણ જાગૃતિ માટે સાયકલ રેલી, પદયાત્રા, વિદ્યાર્થીઓની રેલી, જળ બચાવો અભિયાન જેવી પ્રવૃત્તિઓ કરવા લાગ્યા હતા. તેમના આ પ્રયાસમાં શાળાઓને જોડતા તેમજ સોસાયટીઓને જોડી રહેણાંક વિસ્તારોમાં વૃક્ષારોપણ કરાવવા લાગ્યા હતા. અત્યાર સુધીમાં તેમણે અંદાજે સાડા ત્રણ લાખ જેટલાં છોડનું વાવેતર અને વિતરણ કર્યું છે, બે લાખ જેટલાં પાણીના કુંડાનું વિતરણ કરી ચુકયા છે, દોઢ લાખ જેટલાં પક્ષીના માળાનું વિતરણ કરી ચુકયા છે, અસંખ્ય ટ્રી ગાર્ડ રાહત દરે પુરા પાડી ચુકયા છે એટલું જ નહી કલોલમાં જાણે પક્ષીઓની ટવર કોલોની બનાવી હોય તેવા ચાર મોટા પક્ષીઘરનું નિર્માણ કરી ચુકયાં છે.

અહેમદ પઠાણે કલોલમાં ચલાવેલ જળ બચાવો અભિયાન અંતર્ગત ૧૫ હજાર જેટલાં સ્ટીકર્સ ઘરે ઘરે જઈને ચોંટાડયા છે જેમાં રોજબરોજના જીવનમાં થોડીક જાગૃતિ દાખવી પાણીનો વેડફાટ અટકાવવાની ૧૪ પધ્ધતિઓ જણાવી હતી. આ અભિયાન દરમિયાન તેમણે નગરપાલિકાની લિકેજ પાઈપલાઈનો રીપેર કરાવી અને જયાં નળ નહોતા ત્યાં નળ લગાવડાવ્યા છે. સંસ્થા દ્વારા તેમણે પૃથ્વી દિવસ, પર્યાવરણ દિવસ વગેરેની ઉજવણી સાથે જીઈબી દ્વારા ટ્રીમીંગના નામે કરાતી વૃક્ષોની કટોતી પણ અટકાવડાવી છે. તેમણે વરસાદી પાણીના બચાવ માટે શાળાઓમાં પ્રોજેકટ કર્યા છે અને પ્રકૃતિમાં જેનું મહત્વનું યોગદાન છે તેવી મધમાખીના જતન-સંવર્ધન માટે એક વિશેષ પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરીને સંયુકત રાષ્ટ્રસંઘ એટલે કે યુએનમાં આપ્યો છે. આગળ વધી રહેલા રણને અટકાવવા લીમડા, વડ, પીપળા જેવા વૃક્ષોનું વાવેતર હાથ ધરવા સાથે ગૌ સેવામાં પણ ઘણું યોગદાન આપ્યુ છે. આ બધા કાર્યોમાં તેમને યુવાનો કરતા પણ વરિષ્ઠ નાગરિકોનો સહકાર વધુ મળ્યો છે અને કલોલ શહેર તથા ગ્રામ્ય વિસ્તાર, માણસા, વિજાપુર, ગાંધીનગર, દહેગામ, અમદાવાદ, આંબલિયાસણ, ઊંઝા, બહુચરાજી જેવા સ્થળોએ અન્ય સંસ્થાઓ સાથે મળીને કામ કરી ચુકયા છે. કલોલમાં ટ્રેનની ટકકરથી ઘાયલ થયેલ ગાયને બચાવવા ચાલુ કલાસીસ છોડીને દોડી ગયેલા અહેમદ પઠાણે ગાય મરી જતા તેના મૃતદેહને ટ્રેનના પાટા પરથી ખસેડવા મિત્રો સાથે કરેલા પ્રયાસમાં ગાયનું પેટ ફાટી ગયું હતું અને તેમાંથી આશરે સાડા સાત કિલો પ્લાસ્ટિક નીકળેલું જોઈ હચમચી ઉઠતા શહેરમાં 'પ્લાસ્ટિકના વપરાશને છોડો' અભિયાન ચલાવી ૬૦ હજાર પ્લાસ્ટિક બેગ્સનો નાશ કારવ્યો હતો. તેઓ ઉત્તરાયણમાં પાંચ દિવસ પૂર્વેથી એક મહિના સુધી પક્ષી સેવા પુરી પાડે છે અને કિલોના રૂ. ૭૫ના ભાવે ચાઈનીઝ દોરીના ગૂંચડા એકઠા કરાવી ૧૬૦ કિલો ગુંચડાનો નાશ કરી ચુકયા છે. ગ્રીન પ્લેનેટની કેનેડામાં એક શાખા સહિત ગુજરાતમાં ૧૩ વિવિધ સંસ્થાઓ સાથે મળીને કાર્યરત કરવા સાથે તેઓ ઈકોનોમિક એન્ડ સોશ્યલ કાઉન્સીલ ઓફ યુએનમાં સ્પેશિયલ કન્સલ્ટેટીવ સ્ટેટસ ધરાવે છે અને વિશ્વના ૩૨ દેશોમાં વિવિધ પ્રોજેકટસમાં ભાગ લઈ ચુકયા છે. તિરૂપતિ ફાઉન્ડેશન જેમને 'વૃક્ષમિત્ર' તરીકે સન્માની ચુકયું છે તેવા અહેમદ પઠાણ હવે 'ટ્રી સમિટ' યોજી 'ટ્રી એમ્બેસેડર' નિયુકત કરી રહ્યા છે જેઓ વૃક્ષોનું વધુને વધુ વાવતેર કરી જતન કરશે.

ગુજરાત સરકાર તરફથી પ્રસંશા પત્ર પામી ચુકેલા અહેમદ પઠાણ વિશે સ્વામિનારાયણ ગાદી સંસ્થાના મણિનગરના પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીએ કહ્યું હતું કે 'આ પઠાણમાં હું આરપાર જોઈ શકું છું' આમ પોતાના કાર્યમાં હંમેશા પારદર્શી રહેલા અહેમદ પઠાણને તેમની પ્રવૃત્તિ માટે પુછો તો કહે છે 'મને ઘણાં કાંટા મળ્યા છે પરંતુ મેં તેને ફુલ કરી વાવ્યા છે'.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com